### સંસદનું બજેટ સત્ર ૧૨મી માર્ચથી યોજવાની તૈયારી

# ૧૪મી માર્ચે રેલવે અને ૧૬મીએ સામાન્ય બજેટ : સસ્પેન્સનો અંત

**રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ ૧૨મી માર્ચે સંસદમાં બંને ગૃહોને સંબોધશે : ૧૫ માર્ચે ઈકોનોમી સર્વે રજૂ થશે : પ્રધાનમંડળની બેઠક બાદ બંસલની જાહેરાત**

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

વર્ષ ૨૦૧૨-૧૩ માટેનું સામાન્ય બજેટ ક્યારે રજૂ કરાશે તે અંગે પ્રવર્તી રહેલા સસ્પેન્સનો આજે અંત આવી ગયો હતો. નાણાં મંત્રી પ્રણવ મુખર્જી ૧૬મી માર્ચના દિવસે લોકસભામાં સામાન્ય બજેટ રજૂ કરશે. જ્યારે ૧૪મી માર્ચના દિવસે રેલ્વે પ્રધાન દિનેશ ત્રિવેદી રેલ્વે બજેટ રજૂ કરશે. ૧૫મી માર્ચના દિવસે આર્થિક સર્વેક્ષણ રજૂ કરવામાં આવશે. રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ ૧૨મી માર્ચના દિવસે સંસદના બંને ગૃહોને સંબોધન કરશે. આની સાથે જ સંસદનું બજેટ સત્ર વિધિવત રીતે શરૂ થઈ જશે. સંસદિય બાબતોના પ્રધાન પવન કુમાર બંસલે આજે આ મુજબની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ૧૨મી માર્ચથી સંસદનું બજેટસત્ર બોલાવવા અમે ભલામણ કરવા જઈ રહ્યાં છીએ. બજેટ સત્ર ૩૦મી માર્ચ સુધી બોલાવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. નાણાંમંત્રી પ્રણવ મુખર્જીના નેતૃત્વમાં સંસદીય બાબતો અંગેની પ્રધાનમંડળની બેઠક બાદ પવન કુમાર બંસલે કહ્યું હતું કે, બજેટ સત્રનો બીજો હિસ્સો ૨૪મી એપ્રિલથી ૨૨મી મે સુધી ચાલશે. બજેટ સત્રની શરૂઆત સામાન્ય રીતે ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહથી થાય છે. પરંતુ આ વખતે ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી હોવાથી પરંપરાગત રીતે બજેટ ફેબ્રુઆરીના અંતિમ દિવસે રજૂ કરવામાં આવનાર નથી. ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં આચારસંહિતા અમલી હોવાના કારણે બજેટ મોડેથી રજૂ કરવાનો નિર્ણય કરાયો છે. આજે બજેટની તારીખ જાહેર થવાની સાથે જ આ સંબંધમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. પહેલાથી જ એવા સંકેત મળી રહ્યાં હતા કે, માર્ચના ત્રીજા સપ્તાહમાં બજેટ રજૂ થઈ શકે છે અને આ ગણતરી આખરે સાચી સાબિત થઈ છે. બજેટ સત્રને લઈને સામાન્ય લોકોમાં પણ ભારે ઉત્સુકતા છે.

### ઈકબાલગઢમાં...

(પહેલા પાનાનું ચાલુ)

અધિકારી અને ગ્રામ પંચાયતના સદસ્ય વચ્ચે તું... તું... મેં... મેં...ના દ્રશ્યો સર્જાતા હોબાળો મચ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, પાલનપુરની ડી.આઈ.એલ.આર. શ્રીની કચેરીના આદે શાનુસાર એમ.વી. જોષી (તાલુકા પાલનપુર-ડીસા) સર્વેયર પોતાની ટીમ સાથે ઈકબાલગઢ મુકામે ગામતળની માપણી ગ્રુપ ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રીશ્રી સરપંચશ્રી તથા પંચાયતના સભ્યો તથા ગ્રામજનો હાજર રહ્યા હતા. ગામતળની માપણી દરમ્યાન સર્વે નં. ૨૭/૧ તથા ૨૭/૨ના નકશાની સીટ જોતા માપ એક સરખો ન આવતો હોવાથી માપણી મુલતવી રાખવામાં આવી હતી. આ માપણી દરમ્યાન ઈકબાલગઢ પંચાયતના સભ્ય સલીમભાઈ સિન્ધીએ સર્વેયર જોષીને પૂછતાં કહ્યું હતું કે, આપણે સર્વે નં. ૩૦ ક્યાં સુધી આવે છે ? ત્યારે શ્રી જોષીએ કહ્યું હતું કે, આપણે જે સ્થળે ઉભા છીએ તે સ્થળેથી ફાટક બહારની સાઈડ સર્વે નં. ૩૦માં આવે છે તેવું લાગે છે. એવો જવાબ મળતાં પંચાયતના સભ્ય સલીમભાઈ સિન્ધીએ જણાવેલકે, માપણી જ્યાર સુધી નક્કી ના થાય ત્યાર સુધી તમે કેવી રીતે કહી શકો કે,સર્વે નં. ૩૦ની આટલી હદ આવે છે. આ બાબતે શ્રી જોષી તથા પંચાયતના સભ્ય વચ્ચે તું તું મેં મેંના દ્રશ્યો સર્જાયા હતા.

આ અંગે તાલુકા સર્વેયરશ્રી જોષીને પુછતાં તેઓએ જણાવ્યું હતું કે, હવે પછી અમો તા. ૧૮-૨-૨૦૧૨ બાદ સ્ટેશનથી ટોટલ માપણી કરીને હદ બતાવીશું ત્યારે સર્વે હકીકત માલુમ જણાશે. આમ, આજે ઈકબાલગઢમાં હાથ ધરાયેલી ગામતળની માપણીની પ્રક્રિયા ચર્ચાનું કેન્દ્ર બની હતી.

### ચોક્કસ બાતમીના આધારે સફળ ઓપરેશન

# ઓરિસ્સામાં મોટી માત્રામાં મોતનો મસાલો કબજે થયો

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

ઓરિસ્સાના મલકાનગીરી જિલ્લામાંથી સુરક્ષા જવાનોએ મોટી સંખ્યામાં વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કર્યો છે. એમ માનવામાં આવે છે કે, માઓવાદીઓએ પંચાયતી ચૂંટણીમાં ખલેલ પહોંચાડવાના હેતુસર આ વિસ્ફોટકોનો જથ્થો છુપાવ્યો હતો. ચૂંટણીમાં ખલેલ પહોંચાડવાના માઓવાદીઓના ખતરનાક ઈરાદાનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

ડીએસએફ અને ઓરિસ્સાના એસઓજીના જવાનોએ બાતમી મળ્યાં બાદ કાલીમેલા વિસ્તારમાંથી ટેકગુડાના વન્ય વિસ્તારમાં ઓપરેશન હાથ ધર્યું હતું અને વિસ્ફોટકોનો જથ્થો પકડી પાડ્યો હતો. વન્ય વિસ્તારમાં વિસ્ફોટકો અને અન્ય સામગ્રી છુપાવવામાં આવી હતી. પોલીસે કહ્યું છે કે, સુરક્ષા જવાનોએ તપાસ ઓપરેશન હાથ ધર્યું હતું. જે દરમિયાન ૧૨ ઈલેક્ટ્રોનિક્સ ડિટોનેટર, સાત જીલેટીનની છડીઓ, ૩૦ મીટરથી વધુ કોડેક્સ તાર અને વિજળીના તાર જપ્ત કર્યા હતા. આ તમામનો ઉપયોગ વિસ્ફોટકો બનાવવા માટે અને સુરંગ બનાવવા માટે કરવામાં આવે છે. ઘટનાસ્થળેથી માઓવાદીઓ સાથે સંબંધિત સામગ્રી પણ મળી આવી છે પરંતુ કોઈની ધરપકડ કરવામાં આવી નથી. એમ માનવામાં આવે છે કે, માઓવાદીઓને દરોડા અંગે માહિતી મળી ગઈ હતી અને ફરાર થઈ ગયા હતા. પંચાયત ચૂંટણી પહેલા કોઈપણ મોટી ઘટનાને રોકવા માટે સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે. નક્સલવાદીગ્રસ્ત વિસ્તારમાં પેટ્રોલિંગની પ્રવૃત્તિ તીવ્ર બનાવી દેવામાં આવી છે.

### ગુજરાત હાઈકોર્ટે મહેતલ આપી

# સાદીક જમાલ કેસ : CBIને ૩૦મી જૂન સુધીની મહેતલ

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

સમગ્ર દેશને હચમચાવી મુકનાર સાદીક જમાલ એન્કાઉન્ટર કેસમાં તપાસ પૂર્ણ કરવા સીબીઆઈને આજે ૩૦મી જુન સુધીની મહેતલ આપવામાં આવી હતી. મામલામાં સુનાવણી કરતી વેળા ગુજરાત હાઈકોર્ટે આજે સીબીઆઈને વધુ મહેતલ આપી હતી. આ મામલાની સુનાવણીને લઈને તમામ લોકોની નજર હતી. સાદીક જમાલ એન્કાઉન્ટર મામલામાં રાજ્ય સરકારે યોગ્ય સુવિધાઓ પૂરી ન પાડતા તપાસમાં વિલંબ થયો હોવાની બાબત સપાટી પર આવ્યા બાદ ખળભળાટ મચી ગયો હતો. કોર્ટે જણાવ્યું હતું કે, પૂરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવને લીધે તપાસ અટવાઈ પડી છે. જોકે, હવે રાજ્ય સરકારે તમામ સુવિધાઓ પૂરી પાડવાની ખાતરી આપી છે. સીબીઆઈ તરફથી કોર્ટમાં ધારદાર દલીલો કરવામાં આવી હતી. સીબીઆઈએ એવી રજૂઆત કરી હતી કે, સાદીક જમાલ એન્કાઉન્ટર મામલામાં ૧૦૭ સાક્ષીઓની ચકાસણી થઈ ચુકી છે. આ ઉપરાંત ૫૩ જેટલા દસ્તાવેજો સીએફએસએલ અને એઆઈઆઈએમમાં રજૂ કરવામાં આવી ચૂક્યા છે. સાદીક જમાલ એન્કાઉન્ટર કેસના મામલે ભારે રાજકીય ગરમી જામી હતી. સીબીઆઈને સહકાર નહીં આપવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ હાઈકોર્ટે સાદીક જમાલ એન્કાઉન્ટર મામલામાં સીબીઆઈને તપાસનો આદેશ આપ્યો હતો. આ એન્કાઉન્ટર મામલામાં સસ્પેન્ડ કરવામાં આવેલા આઈપીએસ ઓફિસર ડીજી વણઝારા સહિતના અધિકારીઓ સામેલ હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૩મી જાન્યુઆરી ૨૦૦૩ના દિવસે નરોડા વિસ્તારમાં ગેલેક્સી સિનેમા નજીક શહેર ક્રાઈમ બ્રાંચના અધિકારીઓ દ્વારા પોલીસ એન્કાઉન્ટરમાં સાદીક જમાલ ઠાર થયો હતો. સાદીક કુખ્યાત ગુનેગાર હતો તેવી રજૂઆત પણ વ્યક્ત કરવામાં આવી હતી.

### જિલ્લા ભાજપ...

(પહેલા પાનાનું ચાલુ)

હતું કે, ગૌસંવર્ધનનું કાર્ય પુણ્યનું કામ છે તેની સાથે સાથે તે આર્થિક મહત્વ પણ એટલું જ ધરાવે છે ત્યારે ગૌસંવર્ધન સેલના તમામ લોકોએ ગૌ સંવર્ધન અને ગૌરક્ષણનું કાર્ય સંપૂર્ણ નિષ્ઠા અને ચિવટથી કરવાનું છે તેમણે જણાવ્યું હતું કે,સદ્‌ભાવના ઉપવાસ માટે વધુમાં વધુ ગૌપાલક સમાજના લોકો ઉપસ્થિત રહે તે માટે ગૌસંવર્ધન સેલ ખાસ મહેનત કરવાની છે. અંબાજી ખાતે બે (૨) લાખથી પણ વધુ લોકો ઉપસ્થિત રહેશે. તેમાં ગૌસંવર્ધન સેલનો પણ મહત્વનો ફાળો રહે તે અતિઆવશ્યક છે.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા ભાજપના સેલ સંયોજક ગિરીશભાઈ જગાણીયાએ જણાવ્યું હતું કે,ગૌસંવર્ધન સેલ દ્વારા સૌ ગૌ પ્રેમી લોકો સદ્‌ભાવના ઉપવાસ સમયે ઉપસ્થિત રહે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. સરકારે ગૌ હત્યા અંગે જે કડક કાયદો બનાવ્યો છે તેની માહિતી લોકો સુધી પહોંચે તે અગત્યનું છે. ગિરીશભાઈએ જણાવ્યું હતું કે,સરકાર આગામી સમયમાં જરૂરિયાતમંદોને ૫૦ ટકા સબસીડીથી બે ગાયો આપવાનું આયોજન કરવા જઈ રહી છે તે અંગે પણ લોકોને જાણકારી આપવી જરૂરી છે તેમ ગિરીશભાઈ જગાણીયાએ જણાવ્યું હતું.

સ્વાગત પ્રવચન અને બેઠકનું સંચલાન ગૌ સંવર્ધન સેલના જિલ્લા કન્વીનર કલ્યાણભાઈ જી. રબારીએ કર્યું હતું. આ પ્રસંગે હરિફાઈ ચૌધરી,ગિરીશભાઈ જગાણીયા, જિલ્લા મહામંત્રી જયેન્દ્રભાઈ જોષી, પૂર્વ જિલ્લા ઉપપ્રમુખ રામસુંગભાઈ ચૌધરી તેમજ જુદા જુદા મંડલના ગૌ સંવર્ધન સેલના કન્વીનર અને સહ કન્વીનરો ઉપસ્થિત રહ્યા હતા તેમ જિલ્લા મિડીયા સેલના કન્વીનર રમણલાલ બારોટ અને પાલનપુર શહેર મિડીયા સેલના કન્વીનર પ્રકાશભાઈ પરમારની એક અખબારી યાદીમાં જણાવેલ છે.

### એસઓએસ...

(ચોથા પાનાનું ચાલુ)

જતાં સરકારી વકીલ કે.સી.ગોસ્વામીએ એવી દલીલો કરી હતી કે, બાળાઓ જેમનામાં મમ્મી(માં)નો વિશ્વાસ મુકેલ છે તેવી માતાને પોતાના અનૈતિક સંબંધોને ઢાંકવા માટે એક બાળાનો ભોગ લઈને તેના શીયળ અને આબરૂ લેવાનો કારસો ઘડ્યો છે. અને આરોપીને બળાત્કાર કરવા માટેની સગવડ કરી દઈને આ ગુનામાં પુરેપુરી મદદગારી કરેલ છે. આવા સંજોગોમાં કેરટેકર તરીકે તેમણે બાળાઓને વાત્સલ્ય આપવાને બદલે તેણીને હવસનો ભોગ બનવા માટે મુકી દેવામાં આવેલ છે. આવી નાના બાળકોને ઉછેરની અને સમાજમાં કુદરતી આપતીનો ભોગ બનેલા અને તરછોડાયેલા બાળકોનો વિકાસ કરતી સંસ્થામાં આવા બનાવો બને તો લોકોનો વિશ્વાસ આવી સંસ્થાઓ પરથી ડગી જાય અને તેની સમાજમાં વિપરીત અશરો પડે. અને સંસ્થામાં રહેતી બાળાઓની જાતીય સતામણી અને શારીરીક શોષણ બંધ કરવા માટે આવા પ્રકારના સ્ત્રી સામેના ગંભીર ગુનામાં કોઈપણ સંજોગોમાં જામીન આપવા જોઈએ નહિં. તેમની આ દલીલો ગ્રાહ્ય રાખીને જિલ્લાના અધિક સેશન્સ જજ એન.એમ.કરોવડિયાએ સ્ત્રી આરોપી કિર્તીકા પરમારની જામીન અરજી રદ કરીને જામીન રદ કરતો ચુકાદો આપ્યો હતો. આ કેસમાં રાજ્ય સરકારવતી એડિશનાલ પબ્લિક પ્રોસીક્યુટર કલ્પેસ સી. ગોસ્વામીએ હાજર રહીને દલીલો કરી હતી.

### ઈન્ડિયન મુજાહુ..

(ચોથા પાનાનું ચાલુ)

મુજાહીદ્દીનના ૧૫ શકમંદો સામે બિનજામીનપાત્ર વોરંટ મેળવી લીધા હતા. ઈશરાર પણ આમા સામેલ છે. તેમના નામ થોડાક દિવસ પહેલાં જ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા તારીખ અનજુમ હસન અને અન્ય સાત શખ્સોની પૂછપરછ દરમિયાન સપાટી ઉપર આવ્યા હતા. સૂત્રોએ કહ્યું છે કે આ ઝડપાયેલો શખ્સ ભટકલ માટે મહત્વપૂર્ણ છે. ઉત્તર પ્રદેશ, ચેન્નાઈ, મહારાષ્ટ્ર, બિહાર, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાં જ્યારે પોલીસ શોધખોળ કરી રહી હતી ત્યારે આ શખ્સે ઈન્ડિયન મુજાહીદ્દીનના લીડર ભટકલને છૂપાવવામાં ભૂમિકા ભજવી હતી. ઈન્ડિયન મુજાહીદ્દીનના શખ્સો દિલ્હીમાં જામા મસ્જિદ ઉપર હુમલા અંગે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે તારીક અનજુમ હસનના આવાસે ઈશરાર હાજર હતો કે કેમ તેમાં તપાસ હાથ ધરવામાં આવી છે. તારીકની બિહારના નાલંદામાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસ સૂત્રો માને છે કે તારીકના નિવાસે જ જામા મસ્જિદ પર હુમલાની યોજના ઘડી કાઢવામાં આવી હતી. ઈશરારને હવે અગાઉ ઝડપાયેલા સાત સભ્યો અને તારીકની સાથે એક સાથે રજૂ કરવામાં આવશે. તારીકે ઓછામાં ઓછા ૧૫ આઈએમના સભ્યો અંગે માહિતી આપી હતી જે બિહારના દરભંગામાં સ્થાઈ થયેલા છે.

### ઉત્તર પ્રદેશમાં...

(ચોથા પાનાનું ચાલુ)

છે. પ્રથમ તબક્કાના પ્રચાર દરમિયાન એક બીજાને પછાડવા તમામ રાજકીય પક્ષોએ બનતા તમામ પ્રયાસો કર્યા હતા. પ્રથમ તબક્કાના ચૂંટણી પ્રચારના અંત પહેલા કોંગ્રેસ તરફથી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, ભાજપ પ્રમુખ નીતિન ગડકરી, ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી, સ્ટાર પ્રચારક ઉમા ભારતીએ મતદારોને પ્રભાવિત કરવાના તમામ પ્રયાસો કર્યા હતા. ઉત્તર પ્રદેશમાં પ્રથમ તબક્કામાં શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા તંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. ૨૦૦૭ના રેકોર્ડ પર નજર કરવામાં આવે તો આ બેઠકો પૈકી બસપે ૩૦, સમાજવાદી પાર્ટીએ ૧૮, ભાજપે ૪ અને કોંગ્રેસે ૩ બેઠકો જીતી હતી. આ વખતે કોંગ્રેસ રાહુલ ગાંધીના કરિશ્મા ઉપર આધાર રાખે છે. બીજી બાજુ ભાજપ પણ અગાઉ કરતા વધુ સફળતા માટે આશાવાદી છે.

### છેલ્લા પાંચ દિવસથી ચાલતી તેજી પર બ્રેક

# ઓછા વિકાસના અંદાજની વચ્ચે ૮૫ પોઈન્ટનો ઘટાડો

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

શેરબજારમાં છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી તેજી પર ફરીવાર બ્રેક મુકાઈ હતી. આજે કારોબારના અંતે સેન્સેક્સમાં ૮૫ પોઈન્ટનો ઘટાડો નોંધાયો હતો. જેથી તેની સપાટી ૧૭૬૨૨ નોંધાઈ હતી. જ્યારે નિફ્ટી ૨૭ પોઈન્ટ ઘટીને ૫૩૩૫ની સપાટીએ રહેતા રોકાણકારો ફરી હતાશ થયા હતા. છેલ્લા પાંચ દિવસથી ચાલી રહેલી તેજી પર બ્રેક મુકાતા રોકાણકારોમાં અટકળોનો દોર શરૂ થયો હતો. વૈશ્વિક બજારોમા નબળાઈ અને આ નાણાંકીય વર્ષ માટે ધીમા આર્થિક વિકાસના અંદાજ વચ્ચે ફંડ દ્વારા વેચવાલીનો દોર શરૂ થયો હતો. ભારે ઉથલપાથલના કારોબાર દરમિયાન સેન્સેક્સ અંતે ઘટાડા સાથે બંધ રહ્યો હતો. છેલ્લા પાંચ સેશનમાં સેન્સેક્સમાં પાંચ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. એડવાન્સ અંદાજ આજે જારી કરવામાં આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, દેશનો આર્થિક વિકાસદર વર્ષ ૨૦૧૧-૧૨માં ૬.૯ ટકા રહેશે. જે છેલ્લા નાણાંકીય વર્ષમાં ૮.૪ ટકા હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ છેલ્લા મહિનામાં તેની ત્રિમાસિક નાણાંકીય સમીક્ષામાં જીડીપી વૃદ્ધિદરનો અંદાજ સાત ટકાથી ઓછો મુક્યો હતો. નબળાઈ માટે અન્ય જે પરિબળો જવાબદાર રહ્યાં હતા તેમાં એશિયન બજારમાં મદી અને યુરોપમાં મંદી સાથે શરૂઆતનો સમાવેશ થાય છે. યુરો ઝોનના દેશોમાં અને ખાસ કરીને ગ્રીસમાં કટોકટી પ્રવર્તી રહી છે. કેપિટલ ગુડ્સ, રિયાલ્ટી, પાવર અને મેટલ શેરમાં સર્વાંગી વેચવાલી જોવા મળી હતી. જેથી શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. કેપિટલ ગુડ્સ, રિયાલ્ટી, પાવર અને મેટલના શેરમાં ૨.૨૯ ટકાનો સુધારો થયો હતો. ઈન્ફોસીસ, એલ એન્ડ ટી, ભેલ, ભારતી એરટેલ, એચડીએફસી, એસબીઆઈ, હિરો મોટો, મારુતિ સુઝુકી, એન્ટીપીસી, તાતા સ્ટીલ, હિન્ડાલ્કો મંદીમાં રહ્યા હતા. સરકારનો અંદાજ જારી કરવામાં આવ્યા બાદ તેની માઠી અસર સ્થાયી બજાર પર થઈ હતી.

# સીબીઆઈએ મામલામાં તપાસ ઝડપી બનાવી

# ૨જી કૌભાંડ : એનડીએ શાસન વેળા ફાળવણીમાં તપાસ ઝડપી

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

નેશનલ ડેમોક્રેટીક એલાયન્સ (એનડીએ)ના શાસન દરમિયાન ૨જી સ્પેક્ટ્રમની ફાળવણીમાં સીબીઆઈએ તેની તપાસને વધુ તીવ્ર બનાવી દીધી છે. એનડીએના શાસન દરમિયાન સ્વર્ગસ્થ પ્રમોદ મહાજન ટેલિકોમ પ્રધાન હતા. વર્ષ ૨૦૦૧-૦૭ વચ્ચે તમામ ટેલિકોમ પ્રોવાઈડર્સ સાથે લાઈસન્સ સમજૂતિ અંગે માહિતી આપવા ટેલિકોમ વિભાગને પણ આદેશ આપવામાં આવ્યો છે. સીબીઆઈએ તેની તપાસને વધુ તીવ્ર બનાવી દીધી છે. સીબીઆઈએ અરજીના જવાબમાં ડોટે લાઈસન્સ સમજુતીની વિગતો આપી છે. દિલ્હી સર્વિસ માટે ભારતીય ટેલેનેટ લિમિટેડ અને દિલ્હી અને મુંબઈ માટે એરસેલ સાથે સમજુતીની વિગતો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જોકે, હચીસન અને સ્ટરલિંગ સેલ્યુલર (હાલના વોડાફોન-એસ્સાર) મોબાઈલ સર્વિસ સાથેની ડોટની સમજુતી સાથે સંબંધિત ફાઈલોની ભાળ મળી નથી. ઉપરાંત બીપીએલ અને આઈડિયા સાથે થયેલી સમજુતીની વિગતો પણ મળતી નથી. ફાઈલોને શોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે. સત્તાવાર સુત્રોએ આ મુજબની માહિતી આપી હતી. સીબીઆઈના અધિકારીને લખવામાં આવેલા પત્રમાં ડોટમાં અધિકારીએ કહ્યું છે કે, બાકીની લાઈસન્સ સમજુતીની ફાઈલો શોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે. ટૂંકમાં જ આ ફાઈલો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભૂતપૂર્વ ટેલિકોમ પ્રદાન એ.રાજા અને દયાનિધી મારન સામે બે અલગ અલગ કેસોમાં તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં સીબીઆઈએ કેસ દાખલ કર્યો હતો. ભૂતપૂર્વ ટેલિકોમ સચિવ શ્યામલ ઘોષ સામે પણ કેસ દાખલ કરવામાં આવી ચૂક્યો છે.

એફઆઈઆરમાં સીબીઆઈએ આક્ષેપ કર્યો છે કે, વર્ષ ૨૦૦૧-૦૭ દરમિયાન રાજ્યની તિજોરીને ૫૦૮ કરોડનું જંગી નુકસાન થયું હતું. ૨જી સ્પેક્ટ્રમ મામલામાં આગામી દિવસોમાં વધુ ઝડપથી તપાસ આગળ વધે તેવી પ્રબળ સંભાવના છે.

### ટુ ધ પોઈન્ટ....

(પહેલા પાનાનું ચાલુ)

**ટકા અને મુલાયમસિંહના બેટા અખિલેશ યાદવ ૨૦૦૪ની સરખામણીએ ૨૦૦૯માં ૧૧૦ ટકા વધુ સંપત્તિવાળા થયા છે. સંસદમાં આજની તારીખે ૩૧૫ સભ્યો કરોડાધિપતિ છે. અર્થાત્ તેઓ ૨૦૦-૫૦૦ કરોડથી માંડી ૨૦૦૦-૫૦૦૦ કરોડની સંપતિનાં રણીધણી છે. આવા લોકોને સાંસદ તરીકેનાં વેતનમાં વધારો કરવો જોઈએ કે ઘટાડો ?**

**સાંસદ નામનાં દલા તરવાડીઓએ પ્રણવ મુખર્જી નામની વાડીને ગઈકાલે સંસદમાં ફરી પૂછ્યું : વેતન વધારાનાં રીંગણા લઈએ બે-ચાર ? 'વાડી'એ કહ્યું : લ્યો ને દસ બાર ! યસ, પ્રણવ મુખર્જીએ ગઈકાલે સાંસદોને પ્રોમિસ આપ્યું કે વેતન વધારો સંસદના જે સત્રમાં મંજુર થાય તે પણ ગણાશે. ૧૫મી લોકસભાના પ્રારંભથી અર્થાત્ વેતન વધારો તો મળવાનો પણ એરિયર્સ સાથે ! લાલુ યાદવે તો વળી 'વટ'નો સવાલ કરી કહ્યું કે પ્રોટોકોલ મુજબ સાંસદો કેબિનેટ સેક્રેટરીથી 'ઉપરી' ગણાય એટલે તેનાં કરતાં ૧ રૂપિયો પણ ઓછો પગાર અમોને મંજૂર નથી. લાલુ યાદવને માલૂમ થાય કે કેબિનેટ સેક્રેટરીની જેમ યુપીએસસીની પરીક્ષા પાસ કરવાની ત્રેવડ છે ? ગાય-ભેંસને સાફ કરવામાં માંડ ચાલે તેવા કેટલાક સંસદમાં સાંઢ બનીને રખડે ઈ લોકશાહીનો 'ઉપકાર' માનો ! આમ છતાં સાંસદોનું ખપ્પર ભરાતું જ નથી. તેઓ છેલ્લા બે દિવસથી વેતન વધારાની માંગ બુલંદ બનાવી રહ્યા છે.**

**આખરે સાંસદોને શું ખુટે છે ? દર મહિને તેને ૧૬,૦૦૦ રૂપિયા પગાર પેટે મળે છે. આ ઉપરાંત ૨૦,૦૦૦ રૂપિયા ઓફિસ ખર્ચના જુદા મતદાર ક્ષેત્રમાં ફરવાનાં બીજા ૨૦,૦૦૦ જુદા. સંસદસભ્ય અને તેમના ૧ સાથીદાર આખા દેશમાં રેલવેના ફર્સ્ટ ક્લાસમાં મફત મુસાફરી કરે છે. વરસમાં ૩૪ વખત પ્લેનમાં અને તે પણ બિઝનેસ ક્લાસમાં મફતમાં મુસાફરી કરી શકે. સાંસદને નવીદિલ્હીના પોશ વિસ્તારમાં માત્ર ૨૦૦૦ રૂપરડીના ભાડામાં આલિશાન ફ્લેટ મળે છે. તેમાં પણ ૫૦,૦૦૦ યુનિટ વીજળી અને ૪૦ લાખ લીટર પાણી મફતમાં. સંસદનું સત્ર ચાલતું હોય ત્યારે રોજનાં ૧૦૦૦ રૂપિયાનું ભથ્થું, ૭૫,૦૦૦નું ફર્નીચર મફતમાં, ટેલિફોનની ૩ લાઈન અને વર્ષે ૧.૫૦ લાખ કોલ મફતમાં. સત્તાવાર કામનું બહાનું હોય તો વિદેશ પ્રવાસ પણ ફ્રી માં ! સાંસદ પરિવારનો તબીબી ખર્ચ પણ સરકાર ભોગવે છે અને સાંસદશ્રી નિવૃત્ત થયે મહિને ૮૦૦૦ રૂપિયાનું પેન્શન પામે છે. આમ છતાં સાંસદોને લાગે છે કે પોતાની કર્તવ્યતાની કોઈ કદર કરતું નથી, બોલો ! લોકસભાનાં ૫૪૨ અને રાજ્યસભાના ૨૫૦ મળી ૭૯૨ સાંસદો પૈકી જૂનાગઢનાં મહેન્દ્ર મશરૂ જેવા કેટલા ? જેને લોકોની સેવા જ કરવી છે તેને મતદારો સાચવવા પાછળ ખર્ચો કરવાની જરૂર શી પડે ? હાલનાં સાંસદો કહે છે કે મતદારોને આ પગારમાં અમે ચા-પાણી પણ પાઈ શકતા નથી. ભારતનો બચ્ચે બચ્ચો જાણે છે કે સાંસદ બન્યા પછી ચા-પાણીની વ્યાખ્યા જ બદલાઈ જતી હોય છે. ચા-પાણીની જગ્યા 'છાંટો-પાણી' લઈ લેતી હોય છે. સંસદમાં પણ હંગામો કરી સાંસદો પોતપોતાનો સ્વાર્થ અને અહમ્ સાધવા સિવાય શું કરે છે ? પગાર વધારાના મામલે મામા-માસીના બની ગયેલા સાંસદો મોંઘવારી મામલે એક કેમ ના રહ્યા ? પગાર વધારો આપી આવા લોકોને દારૂ પાવો ?**

**સાંસદોને પગાર વધારો તો જ અપાય જો તેઓની જવાબદારી પણ ફીક્સ થાય. તેઓએ પણ ઈન્કમટેક્ષ રિર્ટન ભરવું-દર્શાવવું જોઈએ. હંગામો કરી સંસદની કાર્યવાહી ખોરવી નાંખે તો ડેયલી એલાઉન્સ કાપી નાંખવું જોઈએ. સાંસદોનાં બાળકોને સરકારી સ્કુલોમાં જ અભ્યાસ કરાવવો, સગા-વલાનો ઈલાજ સરકારી હોસ્પિટોલમાં જ કરાવવો, ટ્રેન કે એસ.ટી. બસમાં જ મુસાફરી કરવી-કરાવવી જોઈએ જેથી પ્રજાની યાતનાનો ખયાલ તેમને આવી શકે. વળી સાંસદશ્રી કઈ કંપનીમાં શેર હોલ્ડર છે કે ડાયરેક્ટર છે વગેરે ખુલાસા પણ થવા જોઈએ. ભૂતિયા નામે આમદની બતાવે તો દંડ થવો જોઈએ. ટૂંકમાં જે નિયમો સામાન્ય નાગરિકોને લાગુ પડે તે સાંસદોને વધુ કડક રીતે લાગુ પાડવા જોઈએ. પારદર્શિતા વિનાનાં સાંસદોને શું ધોઈ પીવાના ? પપ્પુ યાદવોને જ જો સાંસદ તરીકે સ્વીકારવાનો વારો આવવાનો હોય તો બહેતર છે આખું ક્ષેત્ર સાંસદ વિહોણું રહે.**

**સાંસદોનાં વેતનનો પ્રશ્ન બે જ પ્રકારો વાજબી લેખી શકાય. લાયકાત અને દેખાવ. ના-લાયકો માટે વળી ઈનામો શાનાં ?**

Owner, Printer & Publisher : M.K. Syed. Editor : Bhagvandas Khubchand Mulani. Printing Press : Alied Offset, Ahmedabad. Place of Publication : 10, Maruti complex, Palanpur, Dist : Banaskantha, Ph. : 02742-250042, Fax : 250432